# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

------------------------------------------------------------

✓ લોકસભાની આગામી 25મે ના રોજ યોજાનારી છઠ્ઠા તબક્કાની ચૂંટણીનું જાહેરનામું આજે પ્રસિધ્ધ થતાં ઉમેદવારીપત્રો ભરવાનો પ્રારંભ

✓ વિવિધ રાજકીય પક્ષોના અગ્રણીઓએ આજે વિવિધ સ્થળોએ ચૂંટણી સભાઓ સંબોધી છે.

✓ રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા એટલે કે UGC નેટ પરીક્ષા હવે 16ના બદલે 18મી જૂને લેવાશે.

✓ ભારતીય તટરક્ષક દળે ગુજરાત નજીકના દરિયાઈ વિસ્તારમાંથી ભારતીય બોટમાં લઈ જવાતો કેફી પદાર્થોનો 173 કિલો જથ્થો પકડ્યો છે.

✓ પૂર્વ આફ્રિકાના કેન્યા સહિત વિવિધ દેશોમાં ભારે વરસાદ અને પૂરના પગલે જનજીવનને ઘણી અસર થઇ છે.

✓ ભારતના વેલાવન સેંથીલ કુમારે ફ્રાન્સના પેરિસમાં યોજાયેલી પીએસએ ચેલેન્જર સ્કવેશ સ્પર્ધાનું બિરુદ જીતી લીધું છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION

લોકસભાની આગામી 25મે ના રોજ યોજાનારી છઠ્ઠા તબક્કા માટેની ચૂંટણીનું જાહેરનામું આજે પ્રસિધ્ધ થતાં ઉમેદવારીપત્રો ભરવાનો આરંભ થયો છે.

ઉમેદવારો માટે તેમના ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ છઠ્ઠી મે છે. 7મીએ ઉમેદવારીપત્રોની ચકાસણી થશે અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 9મી મે છે. મતગણતરી 4 જૂને થશે.

ઉલ્લેખનીય છે કે છઠ્ઠા તબક્કામાં છ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે. આ તબક્કામાં દિલ્હીની તમામ સાત બેઠકો, હરિયાણાની તમામ દસ બેઠકો, ઉત્તર પ્રદેશની 14 બેઠકો, બિહાર અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ બેઠકો, ઓડિશાની છ બેઠકો અને ઝારખંડની ચાર બેઠકો પર મતદાન થશે.

**દરમિયાન લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે ઉમેદેવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો. આ તબક્કામાં 13 મી મે ના 9 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 96 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. જેમાં આંધ્રપ્રદેશની 25 બેઠકો, તેલંગાણાની 17, ઉત્તર પ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8, બિહારની 5, ઝારખંડ અને ઓડિશાની 4 અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે ચોથા તબક્કામાં મતદાન થશે.**

.................

# CAMPAIGN -1

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રના સોલાપુરમાં ચૂંટણી સભાને સંબોધતા વિપક્ષ દ્વારા ભાજપ સરકાર સામે બંધારણ બદલવાના થઇ રહેલા આક્ષેપોને ફગાવી દીધા છે. તેમણે પોતાની સરકારે સામાજીક ન્યાય માટે લીધેલા પગલાઓની વિગતો આપી હતી.

અગાઉ કર્ણાટકમાં બાગલકોટ ખાતે જાહેર સભાને સંબોધતા પોતાની સરકારે છેલ્લા 10 વર્ષમાં હાથ ધરેલા વિકાસકાર્યોની વિગતો આપી હતી. તેમણે દેશને આગામી 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા તેમના અને તેમની સરકારના કરાયેલા પ્રયાસોની માહિતી આપી હતી. શ્રી મોદીએ કર્ણાટકમાં કોંગ્રેસની રાજ્ય સરકાર તુષ્ટિકરણની નીતિ અપનાવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દેશમાં ફુગાવા અને બેરોજગારીની સમસ્યા માટે વર્તમાન ભાજપ સરકારની નીતિ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો છે. આજે ગુજરાતના પાટણમાં ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે એનડીએ સરકારે કોર્પોરેટ જગતના બાકી ધિરાણને માફ કર્યું છે. અને તેના લીધે ખેડૂતો અને નાના શ્રમિકોને અન્યાય થયો છે.

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલ પણ પોતાના પક્ષના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથસિંહે આજે લખનઉ લોકસભા બેઠક પરથી ઉમેવારી પત્ર ભર્યું હતું. આ પૂર્વે તેમણે લખનઉમાં એક રોડ શૉ કર્યો હતો. તો ભાજપ નેતા સ્મૃતિ ઇરાની પણ ઉત્તર પ્રદેશની અમેઠી બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ પૂર્વે તેમણે અમેઠીમાં રોડ શૉને સંબોધન કર્યું હતું.

# CAMPAIGN – 2

સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે ઇટાવા જિલ્લામાં એક જાહેરસભાને સંબોધતાં ભાજપ સામે બંધારણમાં ફેરફાર કરવાની ઇચ્છા ધરાવતો હોવાનો આક્ષેપ કર્યો છે. તો બદાયુ જિલ્લામાં બહુજન સમાજ પક્ષના વડા માયાવતીએ કેન્દ્રીય સંસ્થાઓ બાબતો ભાજપે અપનાવેલી નીતિઓની ટીકા કરી છે.

બિહારના મુખ્યમંત્રી અને જેડીયુ પક્ષના વડા નીતિશ કુમારે માધેપુરા મતવિસ્તારમાં ચૂંટણી રેલીને સંબોધતાં એનડીએ સરકારના કાર્યકાળમાં હાથ ધરાયેલા વિકાસકામોની વિગત આપી હતી.

એલજેપી રામવિલાસ પક્ષના વડા ચિરાગ પાસવાને આજે બિહારના મુઝફ્ફરપુરમાં રોડ શો યોજીને એનડીએના ઉમેદવાર માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો.

.................

## *UGC-NET-POSTPONED*

નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા એટલે કે **UGC** નેટ પરીક્ષાની તારીખમાં ફેરફાર કર્યો છે. આ પરીક્ષા હવે આગામી 16 જૂનના બદલે 18મી જૂને યોજાશે. **UGC** ચેરમેન જગદીશ કુમારે સોશિયલ મીડિયા પર વધુમાં જણાવ્યું હતું

કે પરીક્ષાર્થીઓના પ્રતિભાવોના આધારે પરીક્ષાની તારીખમાં કરવાનો નિર્ણય લેવાયો છે. **NTA દ્વારા સમગ્ર દેશમાં OMR પદ્ધતિથી UGC – NET એકજ દિવસે લેવાશે.**

.................

## *DRUGS SEIZED*

ભારતીય તટરક્ષક દળે સતત બીજા દિવસે કરેલી સફળ કામગીરીમાં ગુજરાતનજીકના દરિયાઈ વિસ્તારમાંથી ભારતીય બોટમાં લઈ જવાતો કેફી પદાર્થોનો 173 કિલો જથ્થો પકડાયો છે. તટરક્ષક દળના જવાનોએ બે વ્યક્તિઓની ધરપકડ પણ કરી છે.

ઉલ્લેખનીય છે કે, એક દિવસ પહેલાં જ ભારતીય તટરક્ષક દળ અને ગુજરાતનાત્રાસવાદી વિરોધી દળે – એટીએસે મોટા પ્રમાણમાં કેફી પદાર્થ લઈ જતી પાકિસ્તાનીનૌકાને પકડી પાડી હતી. તપાસ સંસ્થાઓએ વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય તટરક્ષક દ્વારા કેફી પદાર્થો લઈ જતી બોટઝડપી પાડવાનું છેલ્લાં ત્રણ વર્ષમાં હાથ ધરાયેલી આ ત્રીજી કાર્યવાહી છે.

--------------------------

## KENYA-FLOODS

પૂર્વ આફ્રિકાના કેન્યા સહિત વિવિધ દેશોમાં ભારે વરસાદ અને પૂરના પગલે જનજીવનને ઘણી અસર થઇ છે. કેન્યામાં માઇ, મહીઉ વિસ્તારમાં બંધ તૂટતા આવેલા ભારે પૂરમાં 40 થી વધુ લોકોના મોત નીપજ્યા છે.

કેન્યાના સત્તાવાળાઓએ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી છે. બુરૂંડીમાં પુરના કારણે એક લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. જ્યારે તાન્ઝાનિયામાં 58 લોકોના મોત થયા છે.

.................

## *J-K--TERRORISTS*

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં બસંતગઢ વનવિસ્તારમાં છુપાયેલા બે આતંકવાદી જુથોને શોધવા હાથ ધરાયેલા શોધ કામગીરીનો આજે બીજો દિવસ છે.

જમ્મુના સંવાદદાતા જણાવે છે કે ગઇકાલે સવારે પનારા ગામે આતંકવાદીઓ સાથેની અથડામણમાં ગ્રામ સંરક્ષણ દળનો એક જવાન શહીદ થયો હતો. તેના પગલે સંબંધિત વિસ્તારમાં પોલીસ, સેના અને સીઆરપીએફના જવાનોએ સઘન શોધ અભિયાન હાથ ધર્યું છે.

જમ્મુ અને પોલીસના વડા આનંદ જૈને જણાવ્યું છે કે આતંકવાદીઓના બે જુથોએ સરહદ પારથી ઘુસણખોરી કરી હોવાનું જાણવા મળ્યું છે.

.................

# MINERALS SUMMIT

કેન્દ્ર સરકારે દેશના ઝડપી આર્થિક વિકાસ અને સ્વચ્છ ઉર્જાના લક્ષ્યને સાકાર કરવા મહત્વની ખનીજ ઘટકોની હરાજીની પ્રક્રિયા હાથ ધરી છે.

ખાણ અને ખનીજ મંત્રાલયના સચિવ વી.એલ.કાંથારાવે આજથી દિલ્હીમાં શરૂ થયેલા મહત્વના ખનીજોની શિખર બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણ કહ્યું કે નવેમ્બર 2023માં 20 અને આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં વધુ 18 ઘટકોની હરાજી કરવામાં આવી છે. આ પ્રસંગે ખાણ અને ખનીજ મંત્રાલય, ઉર્જા, પર્યાવરણ અને જળ પરિષદ અને શક્તિ એનર્જી ફાઉન્ડેશન વચ્ચે સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સમજૂતી કરારનો હેતુ દેશના આર્થિક વિકાસ માટે મહત્વના ખનીજોના જ્ઞાનનો પ્રસાર પ્રચાર કરવાનો છે. આ પ્રસંગે પૃથ્વી અને દરિયામાંથી ખનન દ્વારા મેળવવામાં આવેલા મહત્વના ખનીજોનું પ્રદર્શન પણ યોજાયું હતું.

.................

# KASHMIR WEATHER

જમ્મુ અને કાશ્મીરના ઘણા વિસ્તારોમાં ગઇકાલથી થઇ રહેલા ભારે વરસાદ અને ભેખડ ધસી પડવાના બનાવોના કારણે તેમજ ઉંચાઇ વાળા વિસ્તારોમાં થઇ

રહેલી હીમવર્ષના કારણે સામાન્ય જનજીવનને અસર થઇ છે. કાશ્મીરને દેશના અન્ય સ્થળો સાથે જોડતા જમ્મુ અને શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર આજે ઘણા સ્થળોએ ભેખડો ધસી પડતા વાહન વ્યવહારને અસર થઇ છે. આજે પણ થઇ રહેલા વરસાદના કારણે રાહત અને બચાવ કાર્યને અસર થઇ છે. રામબન અને કિસ્તવાર જિલ્લામાં સત્તાવાળાઓએ વરસાદના કારણે શાળાઓ બંધ રાખવાનો આદેશ કર્યો છે. કિસ્તવારમાં બશા ગામમાં ભેખડ ધસી પડવાથી બે મકાનોને નુકસાન થયું છે.

વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોમાં ઘણાં પશુઓ મૃત્યુ પામ્યા હોવાના અહેવાલ છે.

કાશ્મીરના ઉંચાઇવાળા ગુલમર્ગ, જોઝીલા અને ગુરેઝ ખીણ વિસ્તારમાં છેલ્લા 24 કલાકમાં હીમવર્ષા થઇ છે. પહલગામમાં 51 મીલીમીટર, કાઝીગુંડમાં 64 જ્યારે કોકરનાગમાં 43 મીલીમીટર હીમવર્ષા થઇ હોવાના અહેવાલ છે.

.................

## SQUASH---SENTHILKUMAR

ભારતના વેલાવન સેંથીલ કુમારે ફ્રાન્સના પેરિસમાં યોજાયેલી વ્યવસાયિક સ્કવેશ સંગઠનની પીએસએ ચેલેન્જર સ્કવેશ સ્પર્ધાનું બિરુદ જીતી લીધું છે.

સ્પર્ધાની ફાઇનલમાં વિશ્વમાં 58મો ક્રમાંક ધરાવતા સેંથીલ કુમારે ફ્રાન્સના મેલવીલને 3-0થી પરાજય આપીને સ્પર્ધાનું બિરુદ જીતી લીધું હતું.

.................

## WEATHER

હવામાન વિભાગે દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં આગામી પાંચ દિવસ જ્યારે બંગાળ, સિક્કિમ અને ગુજરાતન કેટલાક વિસ્તારોમાં આગામી બે દિવસ સુધી ગરમીનું મોજું ફરી વળવાની સંભાવના દર્શાવી છે. દરમિયાન અરૂણાચલ પ્રદેશ, આસામ, સહિત ઇશાન ભારતમાં ઘણા સ્થળોએ આગામી પાંચ દિવસ દરમિયાન ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

પંજાબ અને લક્ષ્યદ્વીપના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થઇ શકે છે.

.................

## CENTRE  INFLUENZA

કેન્દ્ર સરકાર ઉનાળાની ઋતુમાં સામાન્ય રીતે નોંધાતા અને શ્વસનતંત્રને અસર કરતાં ઇન્ફલુએન્ઝા એચ-1  એન-1 વાયરસના સંભવિત રોગચાળા અંગે બધા જ રાજ્યોમાં તકેદારી રાખી રહી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશના આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે આ અંગે સમીક્ષા બેઠક પણ યોજી છે.

ઉલ્લેખનીય છે કે આ રોગમાં શ્વસનતંત્રને સીધી અસર થતી હોય છે. તાજેતરમાં અમેરિકામાં કેટલાક સ્થળોએ એવીએશન ઇન્ફ્લુએન્ઝાના કારણે પશુઓ અને દૂધમાં અસર દેખાઇ હોવાથી કેન્દ્ર સરકારે પૂર્વ તકેદારીના ભાગરૂપે રાજ્યોના આરોગ્ય વિભાગ સાથે બેઠક યોજી છે.

.................